# ધાનેરા ટી.ડી.ઓ. મુખ્યમંત્રી અને મંત્રીના આદેશને ઘોળીને પી ગયા

## ૧૩ ડિસેમ્બરે યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં મંત્રી તારાચંદ છેડાએ આદેશ આપ્યો હતો છતાં આલવાડાનું દબાણ દૂર થતુ નથી

પાલનપુર, તા. ૨૭

સરકારના કામોમાં ગતિશીલતા લાવવા અને લોકોના વર્ષો જુના પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સ્પેશ્યલ જી.આર. કરી લોકસંવાદ સેતુ કાર્યક્રમ શરૂ કર્યો હતો. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના આલવાડા ગામના અરજદાર મુકેશ ચૌહાણે તા. ૧૫ નવેમ્બર-૨૦૧૪ના રોજ અરજી કરી હતી. જેની સુનવણી ધાનેરા મુકામે તા. ૧૩ ડિસેમ્બર-૨૦૧૪ના રોજ જિલ્લાના સહપ્રભારી મંત્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમ કરવામાં આવી હતી અને મંત્રી દ્વારા ધાનેરા ટી.ડી.ઓ.ને એક અઠવાડિયામાં આલવાડાનું દબાણ દૂર કરી, કબજો આપી રિપોર્ટ કરવા સુચના આપવામાં આવી હતી તથા અરજદારને પણ મંત્રીએ ખાતરી આપી હતી કે એક અઠવાડિયામાં દબાણ દૂર કરી ટી.ડી.ઓ. દ્વારા કબજો સોંપી દેવામાં આવશે.

પરંતુ ગતિશીલ ગુજરાતમાં ઉલટી ગતિ... થતી હોય તેમ સત્તાના મદમાં રાચતા ધાનેરા ટી.ડી.ઓ. મુખ્યમંત્રી અને મંત્રીના આદેશને પણ ઘોળીને પી ગયા છે અને ઘરની ધોરાજી ચલાવે છે તથા દબાણકર્તા સાથે એવું તો શું શેટીંગ કર્યુ છે કે અરજી કર્યાને પાંચ મહિનાનો સમય વિતવા છતાં સામાન્ય દબાણ દૂર થતુ નથી. આ અંગે અરજદાર દ્વારા જિલ્લા વહીવટીતંત્રમાં કડક ડી.ડી.ઓ.ની છાપ ધરાવતા ડી.ડી.ઓ શ્રી એચ.કે. પટેલ અને મંત્રીશ્રી તારાચંદ છેડાને પણ લેખિત રજુઆત કરવામાં આવી છે. તેમના દ્વારા ધાનેરા ટી.ડી.ઓ.ને વારંવાર સુચના આપવામાં આવી છે પણ ટી.ડી.ઓ. મોટી રાજકીયચ વગ ધરાવતા હોવાથી તેના પેટનું પાણી પણ હલતુ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે અરજદાર દ્વારા દબાણ દૂર કરવા માટે રજુઆત કરવામાં આવી હતી ત્યારે માત્ર એક જ પ્લોટના અડધા ભાગમાં દબાણ હતુ. પરંતુ ટી.ડી.ઓ. માથાભારે શખ્સને છાવરતા હોવાથી પાંચ મહિનામાં તે શખ્સે બીજા બે પ્લોટ પર છાપરા કરી દઈને કુલ ત્રણ પ્લોટ ઉપર દબાણ કરી દીધુ છે અને દબાણ કરનાર માથાભારે શખ્સને મોકળું મેદાન મળી ગયુ છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### ઝાત ગામે ભેદી બિમારીના લીધે બે ના મોત

દાંતીવાડા તાલુકાના ઝાત (ભાડલી)ના એ પરિવારમાં ભેદી બિમારીને લીધે પુરૂષોના મોત થતા અને અન્ય પરિવારજનોમાં આજ બિમારીના લક્ષણો દેખાતા પરિવારમાં ભયની સ્થિતિ પેદા થઈ છે. પાલનપુર નજીકના દાંતીવાડા તાલુકાના ઝાત ગામે છેલ્લા ૧૫ દિવસથી ભેદી બિમારીને કારણે બે યુવાન મોતને ભેટ્યા હતા. અને આજ પરિવારના અન્ય સભ્યોને પણ આજ લક્ષણો ધરાવી બિમારીએ પોતાની ઝપટમાં લેતા હાલ તમાને પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ તમામ દર્દીઓને મોટા ભાગે શ્વાસ લેવામાં તકલીફ, છાતીનો દુખાવો, સોજા આવવા વગેરે જેવા લક્ષણો મળતા તબીબોએ દર્દીઓના જરૂરી સેમ્પલો લઈ તેને તપાસ અર્થે અમદાવાદ સિવિલ અર્થે મોકલી આપ્યા છે. આ ભેદી બિમારીને પગલે આરોગ્ય અધિકારીએ ગામમાં જરૂરી સર્વે હાથ ધર્યો છે.

# અવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને શિક્ષક સામે પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના નવા વરાયેલા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને માલપુરના એક પ્રાથમિક શિક્ષક બંનેએ એકબીજાની સામે જાનથી મારી નાખવાની પોતાને ધમકી મળી હોવાની બે અલગ અલગ પોલીસ મથકોએ ફરિયાદો નોંધાવતા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

જેમાં એક ફરિયાદ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ શંકરભાઈ પટેલે માલપુરના પ્રાથમિક શિક્ષક મહેશકુમાર કમળાશંકર ઉપાધ્યાય વિરૂદ્ધ નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના ફરિયાદી અરવલ્લી જિ.પ્રા.શિ. સંઘના પ્રમુખ તરીકેની વરણીની પ્રક્રિયામાં આ કામના આરોપી ફરિયાદીના પ્રખર હરિફ હોઈ આરોપીએ તેઓ પ્રત્યે દ્વેષભાવ રાખી શિક્ષક સમાજના હોદ્દેદારો વિરૂદ્ધ તેઓને આરોપી ખોટી રીતે બદનામ કરાતં હોઈ અને ફરિયાદીને આરોપી ફોન ઉપર ખોટી રીતે પજવણી કરતાં હોઈ આવી પજવણી નહિ કરવા ફરિયાદીએ આરોપીને સમજાવવા સારૂ ફોન કરતાં આરોપી ઉશ્કેરાઈ ગયા હતા અને આરોપી બિભત્સ ગાળો બોલી પ્રમુખ તરીકે મારી સામે લડવામાં થાકી જઈશ કહી જાનથી મારી નાખવાની ફરિયાદીને ધમકી આપતાં ઈપીકો કલમ ૫૦૭ મુજબ મોડાસા ટાઉન પોલીસ મથકે આ અંગે ફરિયાદ દર્જ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે માલપુરના શિક્ષક મહેશકુમાર કમળાશંકર ઉપાધ્યાયે માલપુર પોલીસ મથકે અરવલ્લી જિ.પ્રા. શિ. સંઘના પ્રમુખ હસમુખભાઈ શંકરભાઈ પટેલ વિરૂદ્ધ માલપુર પોલીસમથકે નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના આરોપીએ પોતાના મોબાઈલ ઉપરથી ફરિયાદી મહેશકુમારના મોબાઈલ ફોન ઉપર મિસકોલ મારતાં ફરિયાદીએ પોતાના મોબાઈલથી આરોપી હસમુખભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને બિભત્સ ગાળો બોલી તુ મારા સામે જિલ્લા પ્રાથમિક શિક્ષકસંઘના પ્રમુખપદે ઉમેદવારી કરવા માંગે છે. પરંતુ, મારી સામે ઉમેદવારી કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## ભિલોડા તાલુકાના બાવળીયા ગામમાં નવનિર્મીત સી.એન.આઈ.સેન્ટ જ્હોન ચર્ચ ખુલ્લુ મુકાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બાવળીયા ગામમાં નવનિર્મીત સી.એન.આઈ.સેન્ટ જ્હોન ચર્ચની સમર્પીત વિધિનો કાર્યક્રમ યોજાયો હતો.ગુજરાત ડાયોસીસના કાઉન્સીલ અધ્યક્ષ અને બિશપ ધ રાઈટ રેવ. સીલ્વાન્સના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે વા.પ્રેસીડેન્ટ ન્યુટન સંગાડી,સેક્રેટરી ર્ડા.રેવ.હેમંત પરમાર,જ્હોન્સસ,વાલેસભાઈ,પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે બિશપએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ધાર્મિક સદ્ભાવના,એકતા,બંધુત્વની ઉચ્ચ ભાવનાનું ઉમદા ઉદાહરણ બાવળીયા ગામના પ્રજાજનોએ પુરૂ પાડ્યું છે.બાવળીયા ગામમાં સી.એન.આઈ.સેન્ટ જ્હોન ચર્ચની સમર્પણ વિધિમાં યુવાનો,ગ્રામજનો સહિત વિવિધ મંડળીઓના પ્રજાજનોએ જહેમત ઉઠાવી હતી.

# રાધીવાડની નિઃસંતાન પરીણિતાને છુટાછેડા લેવા જીવતી સળગાવી દેવાની ધમકી

## પરિણીતાએ પતિ-સાસુ સસરા સહિત ચાર વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

ખેડબ્રહ્મા, તા.૨૭

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામમાં એક પરીણીતાને સંતાન ન હોવાના મેણા ટોણાં મારી માનસિક-શારિરીક ત્રાસ ગુજારી અન્ય યુવતી સાથે લગ્ન કરવાના ઈરાદાથી છુટાછેડા માગી જીવતી સળગાવી દેવાની ધમકી આપવા સંદર્ભે પરિણીતાએ પતિ સહીત ચાર ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્માની ગાયત્રી સોસાયટીમાં રહેતા રમેશચંદ્ર ભીખાભાઈ મોદીની પુત્રી પ્રિતીના રાધીવાડના જગદીશભાઈ કુંવરજી બારોટના પુત્ર ચિરાગ સાથે થોડા સમય પહેલા લગ્ન થયા હતા. શરૂઆતમાં બંનેનો ઘર સંસાર સુખમય ચાલતો હતો થોડો સમય જતાં ચિરાગ અને તેના પરિવારનો સ્વભાવ બદલાઈ ગયો હતો અને તું વાંઝણી છે તારે કોઈ સંતાન નથી જેથી અમારો વંશ વેલો આગળ વધવાનો નથી તેવા મેણાં ટોણાં મારવાની શરૂઆત કરી હતી. પ્રીતીબેનના સાસુ સવિતાબેન અને સસરા જગદીશભાઈની ચડવણીથી ચિરાગે તેની પત્ની પ્રીતીને માનસિક તેમજ શારિરીક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યુ હતું અને વાત છુટાછેડા સુધી પહોંચી હતી. દરમિયાન ૨૩ એપ્રિલના રોજ ચિરાગ બારોટ વિહાર-માણસાની ખુશ્બુ સંજયભાઈ બારોટને રાધીવાડ તેમના ઘરે લઈને આવ્યો હતો અને પ્રીતીને કહ્યું કે મારે ખુશ્બુ સાથે લગ્ન કરવાના છે તો તું છુટાછેડા આપી દે જો તેમ ન કરે તો તેને જીવતી સળગાવી દેવાની ધમકી પણ આપી હતી.

આ અંગે પ્રીતીબેન બારોટે તેના પતિ ચિરાગ ભાઈ બારોટ-સસરા જગદીશભાઈ કુંવરજી બારોટ-સાસુ સવિતાબેન જગદીશભાઈ બારોટ તથા ખુશ્બુ સંજયભાઈ બારોટ વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૯૮-૩૨૨-૫૦૬(૨) અને ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

### ખંભીસરમાં ડ્રીપ ઈરીગેશનનો સામાન ચોરાયો

મોડાસા તાલુકાના ખંભીસર ગામના મોહનભાઈ ધુળાભાઈ પટેલ તેમજ રાજેન્દ્રભાઈ રેવાભાઈના ખેતરમાં સોમવારના રાતે તસ્કરોએ હાથ ફેરો કરી ડ્રીપની નળીઓ ચોરી ગયા હતા. મેઢાસણ-બોડી પર આવેલા મોહનભાઈ અને રાજેન્દ્રભાઈના ખેતરમાં હાલ કોઈ વાવણી કરેલી ન હોવાથી ૧૦૦ જેવા બંડલ કરીને ડ્રીપની નળીઓ ખેતરમાં મુકેલી હતી પરંતુ સોમવારના રાત્રે કોઈ તસ્કરોએ મોહનભાઈના ૨૬ અને રાજેન્દ્રભાઈના ૭ એમ કુલ મળી ૩૩ બંડલ નળીઓ ઉઠાવી ગયા હતા. ૩૩ બંડલની કુલ કિંમત અંદાજે ૮૫,૦૦૦ જેટલી કિંમતનો ડ્રીપનો સામાન તસ્કરો ઉઠાવી જતા ખેડૂતના માથે આભ તૂટી પડયું હતું. ઘટનાની જાણ સવારે થતા ખેડૂત અને ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# અંબાજીમાં સર્કલ ફાઉન્ટેનનું લોકાર્પણ કરાયું



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૭

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે કલેક્ટર દિલીપ રાણાના હસ્તે પ્રોએક્ટીવ ગવર્નન્સ વીકની ઉજવણી અંતર્ગત શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નિર્મિત શ્રી ડી.કે. ત્રિવેદી સર્કલ ફાઉન્ટેન તથા એલીફન્ટ ફાઉન્ટેનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ડી.કે. ત્રિવેદી સર્કલ ફાઉન્ટેનમાં ૧૦ મીટર વ્યાસના સર્કલમાં જેટ ટાઈપના ૧૬ ફુવારા લગાવવામાં આવ્યા છે. જેમાંથી ૧૦ ફૂટની ઉંચાઈ સુધી પાણી ઉછળી શકે છે.

ઉલ્લેખનીય છે કે અંબાજી મુકામે કુલ સાત સ્થળોએ ફુવારા લગાવવામાં આવ્યા છે. રાત્રિના ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન આ ફુવારા ચાલુ રખાશે. જેનાથી અંબાજીની સુંદરતામાં એક નવું પીંછુ ઉમેરાયુ છે. રાત્રે રંગબેરંગી એલ.ઈ.ડી. લાઈટો દ્વારા જુદા જુદા નયનરમ્ય રંગો દ્વારા ડી.કે. ત્રિવેદી સર્કલ શોભશે. ઉપરાંત હિંમતનગર તથા દાંતા તરફના ત્રિકોણ સર્કલમાં પાંચ ફૂટ ઉંચાઈમાં માર્બલમાંથી હાથી બનાવી ફાઉન્ટેનની કામગીરી કરવામાં આવી છે. માનસરોવરમાં પણ ભગવાન શિવજીની ભવ્ય મૂર્તિ સહિત ફેમિંગ ટાઈપ ફાઉન્ટેન લગાવવામાં આવ્યા છે. ડી.કે. ત્રિવેદી સર્કલથી મંદિરના મઉખ્ય દ્વાર શક્તિ દ્વાર સુધીના હાઈવે રોડની મધ્યમાં આવેલ ડિવાઈડરમાં પણ રંગબેરંગી રોશની ધરાવતા ત્રણ ફાઉન્ટેન કાર્યરત કરવામાં આવ્યા છે. મંદિર સંકુલમાં હવનશાળા પાસેથી પરબ તથા અંબિકા ભોજનાલયના બહારની બાજુમાં આવેલ પરબમાં આર.ઓ. પ્લાન્ટ તથા વોટરકુલર મુકી યાત્રિકોને પીવાના શુદ્ધ ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે યાત્રાધામ બોર્ડના ડિરેક્ટરશ્રી ગણપતભાઈ જોષી, દેવસ્થાન ટ્રસ્ટના સભ્ય અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રી એલ.કે. બારડ, વહીવટદારશ્રી જી.પી. બ્રહ્મભટ્ટ, પ્રાન્ત અધિકારીશ્રી અલગોતર, અગ્રણીશ્રી બકુલેશભાઈ શુકલ, મદદનીશ ઈજનેરશ્રી આર.કે. મેવાડા, સરપંચ શ્રીમતી રાધાબેન તેરમા, ઉપ સરપંચશ્રી રાજુભાઈ પટેલ સહિત અગ્રણીઓ, અધિકારીઓ તથા સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરજના પંચાલ ગામે હત્યાની જૂની અદાવતમાં આરોપીનું છાપરૂ સળગાવી દેવાયુ

ઈસરી, તા. ૨૭

મેઘરજના પંચાલ ગામે જૂની અદાવતમાં ટોળાએ ૧૫ વર્ષ જૂના હત્યાના કેસના આરોપીનું છાપરૂ એકાએક સળગાવી દીધુ હતુ. આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ફરી ભયનું વાતાવરણ સર્જાયુ છે. મેઘરજ તાલુકામાં પંચાલ ગામે વર્ષ ૧૯૯૯માં મોહન દેવાભાઈ ખરાડીએ નજીકમાં જ રહેતા રામજીભાઈ ખરાડીની નજીવી બાબતે હત્યા કરી નાખી હતી. જેથી તેના પર હત્યાનો ગુનો સાબિત થતા કોર્ટે તેને સાડા પાંચ વર્ષની કેદની સજા ફટકારી હતી. થોડા સમય અગાઉ જ મોહન ખરાડીની સજા પૂર્ણ થતા જેલમાંથી છૂટી રાજસ્થાન પોતાના ગામ પરિવાર પાસે રહેવા જતો રહ્યો હતો, પરંતુ થોડા મહિના પહેલા મોહને મેઘરજના પંચાલ ગામે સમાજના આગેવાનો સાથે સમાધાન કરી પુનઃ આજ ગામમાં છાપરૂ બાંધી વસવાટ શરૂ કર્યો હતો. ત્યારે ગત ૨૪મીના રોજ હત્યાની જૂની અદાવત રાખી મૃતકના પરિવારજનો કાન્તાબેન ખરાડી, બાબુ ખરાડી, વિનોદ ખરાડી, જીવાભાઈ ખરાડી, અમર બરંડાએ ગેરકાયદેસર મંડળી રચી આ મોહનને ગામ છોડી દેવાની ધમકી આપી ઘર પર પથ્થરમારો કર્યો હતો અને બાદમાં આ ટોળાએ જોત જોતામાં મોહનના છાપારમાં આગ ચાંપી દીધી હતી.

# બનાસ ડેરીમાં પશુ સારવાર-નિદાન સેમિનાર યોજાયો

પાલનપુર, તા. ૨૭

બનાસ ડેરી અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે બનાસડેરી ખાતે પશુમાં સારણગાંઠ અને પેટને લગતી અન્ય બીમારીઓના નિદાન અંગેનો સેમિનાર યોજાયો હતો. ડૉ.એમ.કે. સોનીએ સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ગાયનેકોલોજી વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. બી.એન. સુથારે સેમિનારનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યુ હતુ કે, યોગ્ય નિદાન ન થવાથી ઘણી વખત પશુના રોગની તેને અનુરૂપ સારવાર થઈ શકતી નથી અને પરિણામે પશુને બચાવી શકાતું નથી. તેના માટે તકનીકી સાધનો ઉપલબ્ધ કરી અને તેનો ઉપયોગ નિપુણતાપૂર્વક કરવામાં આવે તો નિદાન અને સારવાર સચોટ થઈ શકે છે. આ બીમારીનું ફીલ્ડ સ્તરે સોનોગ્રાફી દ્વારા નિદાન કઈ રીતે થઈ શકે તેના માટે ડૉ. તરૂણ સુતરીયાએ સમજુતી આપી હતી. ડૉ. પ્રજ્વલીતા મેડમે આંતરડાને લગતી બીમારી સારણગાંઠ શું છે, તે પશુમાં કઈ રીતે થાય છે તેમજ તેની સારવાર વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી વાત કરતાં સંઘના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે જણાવ્યુ હતુ કે, કૃષિ યુનિવર્સિટી કક્ષાએ થયેલા પશુપાલન તથા તેના રોગ અને નિદાન સંબંધી સંશોધનોને આપણે ખેડૂતના હિત માટે તેમના સુધી પહોંચાડવા એ આપણી ફરજ છે. આપણી પાસે જરૂરી અને કાર્યક્ષમ વર્કફોર્સ પણ છે. નિષ્ઠા અને નિપુણતાની સાથે તકનીકી સહાય વડે આપણે કાર્યરત રહીશું તો બનાસકાંઠાનું દૂધ ઉત્પાદન અને આપણું દૂધ સંપાદન હજુ ઘણું વધશે તેમાં કોઈ શંકા નથી. કાર્યક્રમના અંતે ડૉ. એમ.એસ. મેવાડાએ આભારવિધિ કરી સમાપન કર્યું હતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર સદભાવના ગૃપ અને લાયન્સ કલબ દ્વારા લાયન્સ હોસ્પિટલ મુકામે પોલીસ જવાનો માટે ખાસ રકતદાન અને નિઃશુલ્ક સર્વરોગ નિદાન શિબિર યોજાઈ હતી. (તસવીર : હરેશ જોષી)



(તસવીર : જય અમીન, મોડાસા)

### વાંટા રામપુર ગામે રામદેવપીર મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો

મોડાસા તાલુકાના વાંટા રામપુર ગામે ક્ષત્રિય તેમજ પ્રજાપતિ સમાજ દ્વારા રામદેવ પીરના મંદિરનું નવ નિર્માણ કર્યું હતું. જયારે સમસ્ત ગામ દ્વારા રામદેવપીરની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી સ્થાપન કરવામાં આવ્યું હતું. નવીન મંદિરના પ્રાણ પ્રતિષ્ઠામાં આજુબાજુમાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓ ઉમટી પડયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦